નેશનલ હાઈવેને અડીને આવેલા બાંધકામો પર બુલડોઝર ફેરવવા સામે હાલ મનાઈ

વાપી, સોમવાર

દક્ષિણ ગુજરાતમાંથી પસાર થતાં ને.હા.નં.૪૮ને અડીને આવેલા બાંધકામોનું અતિક્રમણ દુર કરવાની કામગીરી સામે સુપ્રીમ કોર્ટમાંથી સ્પષ્ટતા નહીં મળે ત્યાં સુધી યથાસ્થિતિ જાળવવાનો ગુજરાત હાઈકોર્ટે હુકમ કર્યો છે. જેને પગલે અતિક્રમણ હટાવવાની કામગીરી હાલ બંધ કરવામાં આવી છે.

રોડ સેફ્ટીના આદેશોને ધ્યાનમાં રાખીને મંજૂર કરાયેલા બાંધકામો સામે પણ શરૂ કરાયેલી કાર્યવાહી સામે યથાસ્થિતિ જાળવવા હાઈકોર્ટનો હુકમ

સુપ્રીમ કોર્ટે નેશનલ હાઈવે પર જોખમી અતિક્રમણો દુર કરવા માટે હાઈવે ઓથોરિટીરને દિશા નિર્દેશ આપ્યા હતા. જેને પગલે દક્ષિણ ગુજરાતમાંથી પસાર થતાં ને.હા.નં.૪૮ને અડીને આવેલી જમીનો, હોટલો, રેસ્ટોરન્ટન્સ, કોમર્શિયલ કોમ્પ્લેક્ષના અતિક્રમણને દુર કરવા માટે જુલાઈ મહિનામાં મોટાપાયે નોટિસો ફટકારી હતી. બાદમાં હાઈવે ઓથોરિટી દ્વારા સપ્ટેમ્બર માસની શરૂઆતથી ક્લિયરન્સ ડ્રાઈવ શરૂ કરાઈ હતી. જેના કારણે વેપારીઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી. મિલકતધારકોનો દાવો છેકે સક્ષમ સત્તાધિકારીની મંજૂરી બાદ મિલકતોનું બાંધકામ કરવામાં આવ્યું છે અને તેમના બાંધકામો નિર્ધારિત રોડલાઈનથી જરૂરી અંતર જાળવીને ઊભા કરવામાં આવ્યા છે. જોકે હાઈવે ઓથોરિટી આ બાંધકામોને અતિક્રમણની શ્રેણીમાં હોવાનું જણાવી સુપ્રીમ કોર્ટના રોડ સેફ્ટી સંબંધિત આદેશોના ભાગરૂપે કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું જણાવે છે. જોકે મામલો ગંભીર બનતાં અસરગ્રસ્ત વેપારીઓએ ગુજરાત હાઈકોર્ટમાં ધા નાંખી હતી. જેમાં અરજીની સુનાવણી ચાલુ હોવા છતાં હાઈવે ઓથોરિટી દ્વારા તોડફોડ ચાલુ રખાઈ હતી. જોકે સુપ્રીમ કોર્ટના નિર્દેશના આધારે શરૂ કરાયેલી કાર્યવાહી અંગે જ્યાં સુધી સુપ્રીમ કોર્ટમાંથી સ્પષ્ટતા ના મળે ત્યાં સુધી ગુજરાત હાઈકોર્ટે હાઈવે ઓથોરિટીને યથાસ્થિતિ જાળવવા હુકમ કર્યો છે. જેને કારણે કામચલાઉ ધોરણે તોડફોડની કાર્યવાહી બંધ તો થઈ છે, પરંતુ હવે સવાલ એ છેકે હાઈવેની સલામતિ માટે અતિક્રમણ દુર કરવાની કાર્યવાહી અને સરકારી મંજૂરીથી વર્ષોથી ઊભેલી મિલકતોના કાયદેસર હક્કો વચ્ચે સંતુલન કેવી રીતે સાધવું. જોકે દક્ષિણ ગુજરાતના વેપારીઓ માટે હવે આગામી કોર્ટના નિર્દેશો જ સૌથી મોટી આશા અને સૌથી મોટો નિર્ણયબિંદુ બન્યા છે.

વાપીમાં ૨૦ દુકાનોનો ફરી સોદો કરી સુરતના વેપારી સાથે રૂ.૩.૩૧ કરોડની છેતરપિંડી

વાપી, સોમવાર

વાપી જીઆઈડીસી વિસ્તારમાં આવેલી કોમ શયલ બિલ્ડિંગની ૨૦ દુકાનોનું બહુવિધ વેચાણ કરી સુરતના રીઅલ એસ્ટેટ વેપારી સાથે રૂ.૩.૩૧ કરોડની ની છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ મામલે પોલીસે એક જ પરિવારના ૭ સભ્યો સહિત ૮ શખ્સો સામે ગુનો નોધ્યો છે.

છરવાડાના ભરત કોઠારી સહિત પરિવારના સાત સભ્યો મળી કુલ આઠ સામે સુરતના રીઅલ એસ્ટેટ વેપારી પ્રવિણ દુધાતે ફરિયાદ નોંધાવી

સુરતના વરાછા રોડ સ્થિત નર્મદનગર સોસાયટીમાં રહેતા અને રીઅલ એસ્ટેટનો ધંધો કરતા પ્રવિણ પરસોત્તમ દુધાતેની વર્ષ ૨૦૦૪-૦૫માં વાપીના છરવાડા ખાતે રહેતા ભરતભાઈ અનુપચંદ કોઠારી સાથે ઓળખાણ થઈ હતી. વર્ષ ૨૦૧૧માં ભરત કોઠારીએ વાપી જીઆઈડીસીમાં આવેલી ભૈરૂનાથ બિલ્ડિંગના પ્રથમ માળની ૧૪ દુકાનો વેચવાની વાત કરી હતી. વર્ષ ૨૦૧૧માં પ્રથમ માળે ૧ થી ૧૪ નંબરની દુકાનો રૂ.૧.૩૫ કરોડમાં વેચવાનું નક્કી કરી નોટરાઈઝ્ડ કરાર કરી આપવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૨માં ભોય તળિયાની દુકાન નંબર ૧, ૨, ૫, ૬, ૭ અને ૮ ની કુલ કિંમત રૂ.૧.૯૬ કરોડ નક્કી કરી ભરત કોઠારીએ પ્રવિણ દુધાતે પાસેથ ટુકડે-ટુકડે કુલ રૂ.૩.૩૧ કરોડની માતબર રકમ મેળવી લીધી હતી.

વર્ષ ૨૦૧૫માં પ્રવિણ દુધાતેને જાણવા મળ્યું હતું કે, ભૈરૂનાથ બિલ્ડિંગના માલિકોએ વર્ષ ૨૦૧૦માં જ આ તમામ દુકાનો વકીલ મારફતે નોટરાઈઝ્ડ લખાણ કરી મનોજ સાજણભાઈ દાંભલાને વેચાણ કરારથી આપી દીધી હતી. આ હકીકત છુપાવી પ્રવિણ દુધાતે સાથે ફરીથી વેચાણ કરી રકમ પડાવી લેવામાં આવી હતી. બાદમાં મનોજ દાંભલાએ અસલ દસ્તાવેજ કે કબજો ન હોવા છતાં મયુર માંડણભાઈ ડોડિયા અને વસંત પટેલ નામના શખ્સને દુકાનો વેચી દીધી હોવાનું બહાર આવ્યું હતું. આખરે પ્રવિણ દુધાતેએ વાપી જીઆઈડીસી પોલીસમાં અનુપચંદ લાલચંદ કોઠારી, ભરત અનુપચંદ કોઠારી, હર્ષાબેન ભરતભાઈ કોઠારી, નિતીનકુમાર અનુપચંદ કોઠારી, દક્ષાબેન નિતીનભાઈ કોઠારી, હર્ષદ અનુપચંદ કોઠારી, રીનાબેન હર્ષદભાઈ કોઠારી (તમામ રહે. છરવાડા, વાપી) અને મનોજ સાજણભાઈ દાંભલા (રહે. બલીઠા, વાપી) સામે છેતરપિંડીનો ગુનો નોંધાવતા વધુ તપાસ પીએસઆઈ એલ. જી. વળવી કરી રહ્યા છે.

બારડોલી-પલસાણા તાલુકામાં પેંધી પડેલી વીજવાયર ચોર ટોળકી : ખેડૂતો પરેશાન

બારડોલી, સોમવાર

બારડોલી અને પલસાણા તાલુકામાં ખાસ કરીને રેલવે વિભાગ અને આજુબાજુના ખેતર વિસ્તારોમાં કેટલાક સમયથી ખેતીવિષયક વીજવાયરોની ચોરીના બનાવોમાં ચિંતાજનક વધારો થયો છે. અસામાજિક તત્વો દ્વારા રાત્રિના સમયે ગેરકાયદેસર રીતે ખેતરોમાં પ્રવેશ કરી દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ.ની ખેતીવાડી વીજ લાઈનના વાયરોની ચોરી કરી જતાં ખેડૂતોના પાકને ભારે નુકસાન પહોંચી રહ્યું હોવાની સ્થાનિક ખેડૂતોએ વીજકંપનીના અધિકારીઓ અને પોલીસને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી છે.

વીજકંપની નવો વાયર નાંખે તો ચોર ટોળકી ફરી એ જ વાયર ચોરી જતી હોવાની ઘટનાઓ : ખેતી પાકને થતું નુકસાન રોકવાની માંગ સાથે ખેડૂતોનું આવેદન

ભોગ બનનારા ખેડૂતો દ્વારા વીજકંપની અને બારડોલી રૂરલ પોલીસને કરેલી સંયુક્ત રજૂઆત મુજબ આ ચોરી કોઈ એકાદ વ્યક્તિનું કામ નથી પરંતુ તેની પાછળ એક મોટું સંગઠિત કાવતરું (રૅકેટ) ચાલી રહ્યું હોવાનું જણાય છે. અસામાજિક તત્વો મોટી સંખ્યામાં ઘાતક હથિયારો સાથે રાત્રિના સમયે ખેતરોમાં આવી રહ્યા છે, જેના કારણે ખેડૂતોની સુરક્ષા અને જાનમાલ સામે પણ ભારે જોખમ ઊભું થયું છે. ઉનાળાની ઋતુ દરમિયાન પણ આવી ૫ થી ૬ ચોરીના બનાવો બન્યા હતા અને ચાલુ મહિનામાં પણ બે વાર વીજવાયરો કાપી ચોરી કરવાની ઘટનાઓ સામે આવી છે. જ્યારે પણ વીજવાયરની ચોરી થાય છે ત્યારે ખેડૂતો વીજ કંપની કચેરીમાં જાણ કરે છે, જેના આધારે વીજકંપની દ્વારા પંચનામું કરી પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવે છે. ત્યારબાદ વીજ કંપની નવો વાયર નાખે છે પરંતુ અસામાજિક તત્વો ટૂંક જ સમયમાં ફરીથી એ જ વાયર ચોરી જાય છે. વારંવાર વીજપ્રવાહ ખોરવાઈ જવાથી ખેતરોમાં પાકને પાણી પાવામાં સતત અવરોધ ઊભો થાય છે. જેથી ઊભો પાક સૂકાઈ જવાનો અને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. સ્થાનિક ખેડૂતોએ માંગ કરી છે કે, ભૂતકાળમાં જેમ પોલિસ દ્વારા પેટ્રોલિંગ કરી સરાહનીય કામગીરી કરવામાં આવી હતી. તેવી જ રીતે આ ઘટનાનો પણ તાત્કાલિક અંત લાવવામાં આવે. આ ચોરીમાં સંડોવાયેલા ચોરો, વાહનચાલકો તેમજ ચોરીનો વાયર અને ભંગાર ખરીદનાર એજન્ટો- વેપારીઓ સામે ગુનો નોંધી તાત્કાલિક ધરપકડ કરવામાં આવે.વધુમાં, ખેડૂતોએ ગ્રામ્ય વિસ્તારો અને ખેતરોના રસ્તાઓ પર રાત્રિ દરમિયાન યોગ્ય અને સઘન પોલીસ પેટ્રોલિંગ શરૂ કરવાની તેમજ આ ગંભીર સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની અપીલ કરી છે.

સિંણધઈ ગામે રહેણાંક વિસ્તારમાં દિપડાની લટારથી ભયનો માહોલ

વાંસદા,સોમવાર

વાંસદા તાલુકાના સિંણધઈ ગામના ઘાંચીવાડ ફળિયા ખાતે રાત્રિના સમયે રસ્તા પર દીપડો લટાર મારતો જોવા મળતાં ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો હતો. રસ્તા પરથી પસાર થઈ રહેલા એક વાહનચાલકે દીપડાને જોતા તેનો વીડિયો પોતાના મોબાઈલમાં ઉતારી લીધો હતો. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં સમગ્ર પંથકમાં દીપડાની ચર્ચા શરૂ થઈ હતી. રાત્રિના સમયે રહેણાંક વિસ્તારમાં દીપડો દેખાતા સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો હતો. ગ્રામજનોએ વન વિભાગ દ્વારા આ વિસ્તારમાં દીપડાની હિલચાલ અંગે તકેદારી રાખવા અને જરૂરી કાર્યવાહી કરવાની માંગ કરી હતી.



સુરજ જિલ્લાના મહુવા તાલુકાનાં કઢૈયા, બામણીયા અને વાંસકુઈ ગામે દીપડાએ ઘર બનાવી દીધું હોય તેવું લાગે છે. દીપડો વાંરવાર નજર સામે આવી રહ્યો છે. બામણીયા ગામે મુકેશભાઈ મહેતાનાં આંગણે દીપડો વારંવાર જોવા મળે છે. આ બિન્દાસ ફરતો દીપડાની વીડિયોગ્રાફી મહુવા શુગર ફેક્ટરીમાં નોકરી કરતા અને વ્યારાથી અવરજવર કરતા કુલદીપ ગામીતે કઢૈયા ગામે રાત્રે ૩-૩૦ કલાકે કરી હતી. આ દીપડો પકડદાવ રમતો હોય એમ રોડ પરથી ખેતરમાં અને ખેતરમાંથી રોડ પર આવી જાણે વિડીયોગ્રાફી કરાવતો ન હોય તેવી આબેહૂબ વીડિયોગ્રાફી કરવામાં આવી છે.

પારડીના આસ્મા ગામે વીજપોલ સાથે બાઈક અથડાતાં યુવાનનું મોત

વાપી, સોમવાર

પારડી તાલુકાના આસ્મા ગામે બાઈક વીજળીના પોલ સાથે અથડાતાં માથા તથા શરીરે ગંભીર ઈજા થવાને કારણે યુવાનનુ મોત થયું હતું. સાસરીમાં જમવા ગયા બાદ બીજે દિવસે નોકરી પર જવાનું હોઈ વાળ કપાવવા માટે બાઈક લઈને નીકળ્યો હતો.

સાસરીમાં જમવા ગયેલો અરનાલાનો સાજન પટેલ થોડા સમય બાદ વાળ કપાવવા નીકળ્યો અને રસ્તામાં કાળ ભેટી ગયો

પારડી તાલુકાના અરનાલા ગામના મંદિર ફળિયામાં રહેતા અને કરમબેલી સ્થિત બિગશોલો કંપનીમાં નોકરી કરતો સાજન અનિલભાઈ પટેલ (ઉં.વ.૨૬) ગઈકાલે રવિવારે રાત્રે આસ્મા ગામે આવેલા સાસરે જમવા ગયો હતો. રાત્રે સાજને પત્ની જાગૃતિને આવતીકાલે સોમવારે નોકરી પર જવાનું હોવાથી વાળ કપાવવા જાઉં છું એમ કહી હીરો હોન્ડા સ્પ્લેન્ડર બાઈક (નં.જીજે-૧૫-ડીએલ-૭૧૨૮) પર નીકળ્યો હતો. વાળ કપાવ્યા બાદ સાજન પરત જતો હતો ત્યારે આસ્મા ગામે કોળીવાડ ફળિયામા અચાનક સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા બાઈક રોડ નજીક વીજ પોલ સાથે ધડાકાભેર અથાડતા ગંભીર અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં સાજન પટેલને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની જાણ થતાં જ સાજનના સાઢુભાઈ, પરિવારજન સહિત લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સાજનને બેભાન અવસ્થામાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પારડીની હોસ્પિટલમાં લઈ જતાં ફરજ પરના ડોકટરે મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે પારડી પોલીસે ગુનો નોંધ્યો હતો.

કેટીએમ બાઈક લેવાની પરિવારજનોએ ના પાડતા નવસારીના યુવાને ફાંસો ખાધો

નવસારી,સોમવાર

નવસારીના તીઘરા નવી વસાહતમાં રહેતા શ્રમજીવી યુવાનને પરિવારજનોએ કેટીએમ બાઈક લેવાની ના પડતા ઓઢણી અને બેલ્ટ વડે ગળે ફાંસો ખાઈ લીધો હતો.

નવસારીના તીઘરા નવી વસાહતમાં પંડિત દીનદયાળ નગરના રહેતા અનિલ સંજયભાઈ વસાવા (ઉ.વ.૨૨) કડિયાકામ કરતો હતો. બે દિવસ અગાઉ અનિલને કેટીએમ બાઈક લેવા માટે તેના પરિવારજનોએ ના પાડતા માઠું લાગી આવ્યું હતું. આથી ગઈકાલે રવિવારે પોતાના ઘરેથી ચાલી નીકળી જમાલપોર ઘનશ્યામ વિહાર સોસાયટીમાં ચંદુભાઈ પટેલના ઘરવાડામાં આવેલા આંબાના વૃક્ષ સાથે પોતાના બેલ્ટ અને ઓઢણી વડે ગળે ફાંસો ખાઈ લીધો હતો. આ અંગે રૂરલ પોલીસમાં સુનીલ સંજયભાઈ વસાવાએ નાનાભાઈ અનિલના મોત અંગેની ફરિયાદ નોંધાવતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ સી.એલ. મોહિતે કરી રહ્યા છે.

વ્યારા શુગર ખેડૂતોને બાકી હપ્તા ચૂકવે તેવી ભાજપ નેતાઓની કલેક્ટર સમક્ષ માંગ

વ્યારા,સોમવાર

તાપી જિલ્લાના વ્યારા તાલુકાની ઉકાઈ પ્રદેશ ખાંડ ઉદ્યોગ મંડળી (વ્યારા શુગર)માં ગત વર્ષ ૨૦૨૫-૨૬ની સીઝનમાં શેરડી આપનાર ખેડૂતોને બાકી હપ્તાની રકમ ૬ માસ થયે પણ મળી નથી. જેથી આજે તાપી જિલ્લા પંચાયતના માજી બાંધકામ અધ્યક્ષ નીતિન ગામીત, પ્રદેશ આદિજાતિ મોરચના ઉપપ્રમુખ ધવલ ચૌધરી સહિતનાએ કલેક્ટર કચેરીમાં રજુઆત કરી હતી. જેમાં લાંબા સમયથી ખેડૂતો પોતાના હકના નાણાં ન મળતા આગામી શિયાળુ પાકના વાવેતર માટે ગંભીર આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જેથી ૧૫ ટકા વ્યાજ સાથે તાત્કાલિક ધોરણે નાણાં ચૂકવવાની માંગ કરી છે, તો ખેડૂત આગેવાન પ્રિતેશ ચૌધરીની આગેવાનીમાં સભાસદોએ જિલ્લા રજીસ્ટારની કચેરીમાં આ મુદ્દે રજુઆત કરી. અને ૧૦ દિવસમાં નાણાં ચૂકવણીની માંગ કરી છે.

વલસાડમાં ગેરરીતિ મુદ્દે સસ્પેન્ડ થયેલા ૭ ગામના સરપંચોને વિકાસ કમિશનરનું છત્ર

વલસાડ, સોમવાર

વલસાડ જિલ્લામાં ભ્રષ્ટાચાર અને નાણાકીય ગેરરીતિઓના આક્ષેપ હેઠળ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કડક વહીવટી પગલાં ભરીને સાત ગામોના સરપંચો અને ઉપસરપંચોને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જિલ્લા કક્ષાએથી થયેલી આ આકરી કાર્યવાહીને સ્થાનિક પ્રજાએ આવકારી હતી અને ભ્રષ્ટાચારીઓ સામે તંત્ર લાલ આંખ કરશે તેવી આશા જાગી હતી, પરંતુ આ કાર્યવાહી લાંબો સમય ટકી શકી નથી.

ગેરરીતિ મામલે સસ્પેન્ડ કરાયેલા સાત ગામના પદાધિકારીઓએ ગાંધીનગર સ્થિત વિકાસ કમિશનર કચેરી સમક્ષ અપીલ દાખલ કરી હતી, જ્યાંથી તેમને તાત્કાલિક રાહત મળી ગઈ છે. વિકાસ કમિશનર દ્વારા જિલ્લા વિકાસ અધિકારીના સસ્પેન્શનના હુકમ પર સ્ટે આપી દેવાતાં જિલ્લા તંત્ર લાચાર બન્યું છે અને ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો ધરાવતા આ હોદ્દેદારોને ફરીથી પદ પર પુનઃ સ્થાપિત કરવાની ફરજ પડી છે.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ સોળસુંબાના સરપંચ અને ઉપસરપંચ, કાંગવીના સરપંચ, અંબાચના ઉપસરપંચ તેમજ પંચલાઈ, નંદાવલા, ચીભડકચ્છ અને છરવાડા ગામના સરપંચો સામે વિકાસ કામોમાં ગેરરીતિ, નાણાકીય કૌભાંડ અને ફરજમાં ગંભીર બેદરકારી બદલ જિલ્લા સ્તરેથી પગલાં લેવાયાં હતાં.એક તરફ જિલ્લા સ્તરે ભ્રષ્ટાચાર નાબૂદ કરવા આઈએએસ અધિકારી કડક પગલાં ભરે છે અને બીજી તરફ ગાંધીનગરથી તેમના આદેશો પર સ્ટે મુકાઈ જાય છે, જેના કારણે જિલ્લામાં ભ્રષ્ટાચારને પ્રોત્સાહન મળ્યું હોવાની પ્રજામાં ચર્ચા છે. સ્થાનિક નાગરિકોમાં એવા આક્ષેપો થઈ રહ્યા છે કે ગાંધીનગર કક્ષાએ વગના જોરે ભ્રષ્ટાચારીઓને રક્ષણ અપાઈ રહ્યું છે. આ સમગ્ર ઘટનાક્રમે વહીવટી તંત્રની પારદર્શિતા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

આ લોકો હોદ્દા પર પુનઃસ્થાપિત

સોળસુંબા	સરપંચ-બલદેવ સુરતી
	ઉપસરપંચ-અમિત પટેલ
કાંગવી	સરપંચ-દેવીબેન ચૌધરી
પંચલાઈ	સરપંચ-રવિન્દ્ર પટેલ
નંદાવલા	સરપંચ-અજય પટેલ
છરવાડા	સરપંચ-અજય પટેલ
અંબાચ	ઉપસરપંચ-ભાવેશ પટેલ
ચીભડકચ્છ	સરપંચ-કલ્પેશ પટેલ

જિલ્લા વિકાસ અધિકારીએ સસ્પેન્ડ કરેલા સરપંચો ગાંધીનગર કક્ષાએ વગના જોરે સ્ટે લઈ આવતા હોવાથી હોદ્દા પર પુનઃ સ્થાપિત કરવાની ફરજ પડે છે

આણંદના સામરખાથી કન્ટેનરમાં કતલખાને લઈ જવાતી ૨૨ ભેંસોનો બારડોલીમાં ઉગારો

બારડોલી, સોમવાર

સુરત જિલ્લાના બારડોલી ખાતે ને.હા.નં.૫૩ પર ઓવરબ્રિજ પાસેથી પશુઓ પ્રત્યે ક્રૂરતા દાખવી ગેરકાયદેસર રીતે કતલખાને લઈ જવાતી ૨૨ ભેંસો સાથેના કન્ટેનર ટ્રકને પોલીસે ઝડપી પાડી ચાલક સહિત ત્રણ શખ્સોની સ્થળ પરથી ધરપકડ કરી હતી. જ્યારે ભેંસો ભરાવનાર અને ટ્રકના માલિકને વોન્ટેડ જાહેર કર્યા હતાં.

જીવદયા પ્રેમીઓની બાતમી આધારે પોલીસે કન્ટેનર સાથે ત્રણને ઝડપી લીધા : ભેંસો ભરાવનાર સામરખાનો પ્રભાત અને કન્ટેનર માલિક વોન્ટેડ

જીવદયા પ્રેમીઓ તરફથી ગતરોજ રવિવારે કંટ્રોલ રૂમમાં બાતમી મળી હતી કે, ને.હા.નં.૫૩ પર પલસાણાથી બારડોલી તરફ એક કન્ટેનરમાં ક્રૂરતાપૂર્વક ભેંસો ભરીને લઈ જવામાં આવી રહી છે. જે આધારે બારડોલી ટાઉન પોલીસે તેન ગામ નજીક ધુલીયા ચોકડીના ઓવરબ્રિજ ચડતા પહેલા રોડ પર એક કન્ટેનર ટ્રક (નં.આરજે-૧૧-જીસી-૦૩૫૪) અટકાવ્યું હતું. પોલીસે કન્ટેનર ખોલીને તપાસ કરતાં તેમાં કુલ ૨૨ ભેંસો ટૂંકા દોરડા વડે અત્યંત દર્દનાક અને ક્રૂરતાપૂર્વક બાંધેલી હાલતમાં હતી. કન્ટેનરમાં પશુઓ માટે ઘાસચારા કે પાણીની કોઈ વ્યવસ્થા નહોતી. પોલીસે કન્ટેનર ચાલક શાહુનખાન અશરૂદિન ખાન (ઉ.વ.૪૨, રહે. સામરખા, તા.આણંદ, મૂળ રહે.હરિયાણા), ક્લીનર અરમાન સત્તાર ખાન (ઉ.વ.૨૦, રહે.સામરખા, તા.આણંદ, મૂળ રહે.હરિયાણા) અને બીજા ક્લીનર ફિરોઝ સમસેદ ખાન (ઉ.વ. ૨૦, રહે.ભિવાગામ, જિ.નુહ, હરિયાણા)ને પકડી લીધા હતા. તેમની પાસે પશુ હેરફેર માટેનું કોઈ પાસ-પરમિટ કે વેટરનરી ડૉક્ટરનું પ્રમાણપત્ર ન હતું. પોલીસે કન્ટેનરના ચાલક શાહુનખાનની પૂછપરછ કરતાં ભેંસો આણંદના સામરખા ખાતે રહેતા પ્રભાતભાઈ નામના શખ્સે ભરાવી આપી હતી અને તેને મહારાષ્ટ્રના માલેગાંવ ખાતે આવેલા કતલખાને લઈ જતાં હોવાની કબુલાત કરી હતી. પોલીસે ૨૨ ભેંસોને માણેકપોર પાંજરાપોળમાં મોકલી આપી રૂ.૧૫,૦૦,૦૦૦ના કન્ટેનર ટ્રક અને રૂ.૫,૦૦૦નો એક મોબાઈલ ફોન મળી કુલ રૂ.૧૭,૨૫,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે ભેંસો ભરાવી આપનાર પ્રભાતભાઈ અને ટ્રકના માલિક મુસ્તુફા ખાન (રહે. હરિયાણા)ને વોન્ટેડ જાહેર કરી પશુ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધક અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વાલોડમાં તબેલામાં ૮ ભેંસ અને બે પાડીયા ભરેલા ટેમ્પો સાથે બે પકડાયા

વાલોડ પોલીસને બાતમી મળતાં વાલોડથી બાજીપુરા જતાં રોડ પર આવેલા તબેલા પર પહોંચતા ત્યાં એક ટેમ્પો (નં.જીજે-૧૫-એવી-૩૩૩૬) માં ગેરકાયદેસર રીતે ભેંસો ભરી હેરાફેરી કરવામાં આવતી હતી. પોલીસને ટેમ્પામાં ૮ ભેંસ અને ૨ ભેંસના બચ્ચાં ટૂંકા દોરડાથી અત્યંત ક્રૂરતાપૂર્વક અને ખીચોખીચ બાંધેલા મળી આવ્યા હતા. ભેંસો માટે ઘાસચારા, પાણી કે સારવારની કોઈ વ્યવસ્થા કરવામાં આવી ન હતી. પોલીસે ટમ્પો ચાલક રફીકશા રસીદશા ફકીર (ઉં.વ.૪૦, રહે.દાદરી ફળીયા, વ્યારા, જી. તાપી) અને ભેંસોના માલિક અબ્દુલઅઝીઝ ફરીદમીંયા શેખ (ઉં.વ.૬૧, રહે.પાદર ફળીયા, વાલોડ, જી.તાપી) ને પકડી લઈ પૂછપરછ કરતાં ભેંસોની હેરાફેરી માટેની કોઈ પાસ, પરમિટ કે સત્તાધારી અધિકારીનું પ્રમાણપત્ર મળી આવ્યું ન હતું. ભેંસો અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના અલગ-અલગ ગામોમાંથી ખરીદીને ઉચ્છલ માર્કેટમાં વેચાણ અર્થે લઈ જતાં હોવાની કબુલાત કરી હતી.

અમરેલીના ખાંભા તાલુકાના ગામોમાંથી પશુઓને ખરીદી પ્રમાણપત્ર વગર ઉચ્છલ માર્કેટમાં વેચાણ માટે લઈ જતા હતા

બૈંક ઑફ़ बड़ौदा Bank of Baroda

બેંક ઓફ બરોડા, આરઓએસએઆરબી
મહાલક્ષ્મી ટાવર, ૧લો માળ, તિથલ રોડ, વલસાડ.
ફોન : 02632-241454,
ઈ-મેલ : sarbbul@bankofbaroda.com

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ
પરિશિષ્ટ-૪-એ (જુઓ નિયમ ૬(૨) અને ૮(૬)ની જોગવાઇઓ)

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)નિયમો, ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૬) ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટિસ

આથી ખાસ કરીને દેવાદાર(રો) તથા જામીનદાર(રો)તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગીરો/ચાર્જ કરાયેલ છે, જેનો કબજો બેંક ઓફ બરોડા, સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારીએ લઈ લીધો છે, જેનું નીચે દર્શાવેલ એકાઉન્ટ/ટોની વસુલાત માટે "જ્યાં છે", "જે છે" અને "જેમ છે" "આશ્રય વિના"ના ધોરણે વેચાણ કરવામાં આવશે. દેવાદાર/રો/ જામીનદાર/રો/ સિક્યોર્ડ મિલકત/તો/બાકી રકમ/ રીઝર્વ કિંમત / ઈ-હરાજીની તારીખ અને સમય, ઇએમડી અને બીડ વૃદ્ધિની રકમ નીચે મુજબ છે.

ક્રમ/ લોટ નં.	શાખા નામ સંપર્ક નં.	દેવાદાર/રો / જામીનદાર/રો ના નામ અને સરનામા	જાણમાં હોય, જો કોઈ હોય તો તેવા બોજા સહિત સ્થાવર મિલકતની ટૂંકી વિગત / કબજાનો પ્રકાર	કુલ બાકી રકમ	૧. રીઝર્વ કિંમત ૨. અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇએમડી) ૩. બીડ વૃદ્ધિની રકમ
1	ROSARB 9924290330	**એક્સેલ પ્રિન્ટ પેક** પ્લોટ નંબર ૨૪ ભીલાડ લઘુ ઉદ્યોગ સહકારી મંડળી સરીગાંવ ભીલાડ, ગુજરાત ૩૯૬૧૦૫ **શ્રી જયેશ બાલકૃષ્ણ વ્યાસ અને શ્રીમતી માલતી જયેશ વ્યાસ** ફ્લેટ નંબર ૨૦૫ એ ૨ રાજ કોમ્પ્લેક્સ છરવાડ રોડ વાપી પારડી વાપી ૩૯૬૧૯૫	રહેણાંક ફ્લેટ નં. એ-૨/૨૦૫નું ક્ષેત્રફળ ૭૭૫.૦૦ ચો.ફૂટ એટલે કે ૭૨.૦૨ ચો.મી. જે બીજા માળે આવેલ બિલ્ડીંગ એ-૨, રાજહંસ કોમ્પ્લેક્ષનો એનએ જમીનનો પ્લોટ નં. ૧નો સર્વે નં. ૩૧૪/૧, વાપી સિટી સર્વે અને મ્યુનિસિપલ વાપી, જીલ્લો વલસાડની હદમાં આવેલ તમામ રાઈટ્સ અને ટાઈટલ, વ્યાજ અને બેનિફિટ જે શ્રી જયેશ બાલકિષ્ણા વ્યાસ અને શ્રીમતી માલતી જયેશ વ્યાસના નામે છે જેની ચતુર્સીમા નીચે મુજબ છે. **પૂર્વઃ** ખુલ્લી જમીન અને છરાવાડ રોડ, **પશ્ચિમઃ** ફ્લેટ નં. બી-૪૦૯, **ઉત્તરઃ** ફ્લેટ નં. બી-૪૦૨, **દક્ષિણઃ** ખુલ્લી જગ્યા અને એ-૧ બિલ્ડીંગ. **(પ્રત્યક્ષ કબજો)**	રૂ. ૪૦,૫૦,૮૬૫/- ૨૬.૦૯.૨૦૨૬ મુજબ	૧. રૂ.૨૦,૯૨,૫૦૦/- ૨. રૂ. ૨,૦૯,૨૫૦/- ૩. રૂ. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)

● ઈ-હરાજીની તારીખ : ૦૭.૧૧.૨૦૨૬ ● ઈ-હરાજીનો સમય : બપોરે ૦૨:૦૦ થી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી (ફક્ત ૩૦ દિવસ માટે)
● મિલકતની નિરીક્ષણની તારીખ અને સમય : ૧૫.૧૦.૨૦૨૬, સવારે ૧૧:૦૦ થી બપોર ૦૨:૦૦ વાગ્યા સુધી

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે https://bankofbaroda.bank.in/e-auction અને https://baanknet.com માં આપેલ લિંક જોવા વિનંતી છે. ભાવી બીડરો અધિકૃત અધિકારી ફોન નં.૦૨૬૩૨-૨૪૧૪૫૪ મો.નં. ૯૯૨૪૨૯૦૩૩૦. નો સંપર્ક કરી શકશે.

તારીખ : ૨૮.૦૯.૨૦૨૬
સ્થળ : આરઓએસએઆરબી, વલસાડ

નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.

ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

બૈંક ऑफ़ बड़ौदा Bank of Baroda

બેંક ઓફ બરોડા, આરઓએસએઆરબી
મહાલક્ષ્મી ટાવર, ૧લો માળ, તિથલ રોડ, વલસાડ.
ફોન : 02632-241454,
ઈ-મેલ : sarbbul@bankofbaroda.com

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ
પરિશિષ્ટ-૪-એ (જુઓ નિયમ ૬(૨) અને ૮(૬)ની જોગવાઇઓ)

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)નિયમો, ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૬) ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટિસ

આથી ખાસ કરીને દેવાદાર(રો) તથા જામીનદાર(રો)તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગીરો/ચાર્જ કરાયેલ છે, જેનો કબજો બેંક ઓફ બરોડા, સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારીએ લઈ લીધો છે, જેનું નીચે દર્શાવેલ એકાઉન્ટ/ટોની વસુલાત માટે "જ્યાં છે", "જે છે" અને "જેમ છે" "આશ્રય વિના"ના ધોરણે વેચાણ કરવામાં આવશે. દેવાદાર/રો/ જામીનદાર/રો/ સિક્યોર્ડ મિલકત/તો/બાકી રકમ/ રીઝર્વ કિંમત / ઈ-હરાજીની તારીખ અને સમય, ઇએમડી અને બીડ વૃદ્ધિની રકમ નીચે મુજબ છે.

ક્રમ/ લોટ નં.	શાખા નામ સંપર્ક નં.	દેવાદાર/રો / જામીનદાર/રો ના નામ અને સરનામા	જાણમાં હોય, જો કોઈ હોય તો તેવા બોજા સહિત સ્થાવર મિલકતની ટૂંકી વિગત / કબજાનો પ્રકાર	કુલ બાકી રકમ	૧. રીઝર્વ કિંમત ૨. અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇએમડી) ૩. બીડ વૃદ્ધિની રકમ
1	એમએસએમઈ વલસાડ ૮૩૦૮૯૫૩૦૬૨	**મેસર્સ વેડિંગ બેલ્સ** દુકાન નંબર ૪ હવેલી આર્કેડ સ્ટેશન રોડ ગીતાનગર વાપી વલસાડ ૩૯૬૧૯૧ **શ્રીમતી ઉષા પ્રફુલ્લચંદ્ર માહાવંશી** [illegible]	**લોટ નં. ૧:** સ્થાવર મિલકતના બધા પીસ અને પાર્સલ કોમર્શિયલ શોપ નં. [illegible] બિલ્ટ-અપ વિસ્તાર લગભગ ૩૦૭.૦૦ ચોરસ ફૂટ એટલે કે બીજા માળે ૨૮.૫૩ [illegible] ૧૦.૫૫ ચોરસ મીટરનો અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે "સેફાયર" [illegible] બિલ્ડીંગ હેઠળની જમીનમાં, જે કુલ ૮૭૫૮.૭૫ ચોરસ મીટર જમીનમાંથી [illegible] એટલે કે ૯૧૩.૦૦ ચોરસ મીટર જમીન વિસ્તાર ધરાવે છે, [illegible] **(પ્રત્યક્ષ કબજો)**	રૂ. ૫૫,૯૯,૫૧૫.૬૪/- ૧૯.૦૯.૨૦૨૬ મુજબ	૧. રૂ. ૩૬,૬૦,૫૨૫/- ૨. રૂ. ૩,૬૬,૦૫૨.૫૦/- ૩. રૂ. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)
2			**લોટ નં. ૨:** [illegible] **(પ્રત્યક્ષ કબજો)**		[illegible]
3			**લોટ નં. ૩:** [illegible] **(પ્રત્યક્ષ કબજો)**		[illegible]

● ઈ-હરાજીની તારીખ : ૧૯.૧૧.૨૦૨૬ ● ઈ-હરાજીનો સમય : બપોરે ૦૨:૦૦ થી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી (ફક્ત ૧૫ દિવસ માટે)
● મિલકતની નિરીક્ષણની તારીખ અને સમય : ૧૫.૧૦.૨૦૨૬, સવારે ૧૧:૦૦ થી બપોર ૦૨:૦૦ વાગ્યા સુધી

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે https://bankofbaroda.bank.in/e-auction અને https://baanknet.com માં આપેલ લિંક જોવા વિનંતી છે. [illegible]

તારીખ : ૨૮.૦૯.૨૦૨૬
સ્થળ : આરઓએસએઆરબી, વલસાડ

નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.

ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા

બૈંક ऑफ़ बड़ौदा Bank of Baroda

બેંક ઓફ બરોડા, આરઓએસએઆરબી
મહાલક્ષ્મી ટાવર, ૧લો માળ, તિથલ રોડ, વલસાડ.
ફોન : 02632-241454,
ઈ-મેલ : sarbbul@bankofbaroda.com

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ
પરિશિષ્ટ-૪-એ (જુઓ નિયમ ૬(૨) અને ૮(૬)ની જોગવાઇઓ)

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)નિયમો, ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૬) ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટિસ

[illegible]

● ઈ-હરાજીની તારીખ : ૧૯.૧૦.૨૦૨૬ ● ઈ-હરાજીનો સમય : બપોરે ૦૨:૦૦ થી સાંજે ૦૬:૦૦ વાગ્યા સુધી
● મિલકતની નિરીક્ષણની તારીખ અને સમય : ૧૫.૧૦.૨૦૨૬, સવારે ૧૧:૦૦ થી બપોર ૦૨:૦૦ વાગ્યા સુધી

ક્રમ/ લોટ નં.	શાખા નામ સંપર્ક નં.	દેવાદાર/રો / જામીનદાર/રો ના નામ અને સરનામા	જાણમાં હોય, જો કોઈ હોય તો તેવા બોજા સહિત સ્થાવર મિલકતની ટૂંકી વિગત / કબજાનો પ્રકાર	કુલ બાકી રકમ	૧. રીઝર્વ કિંમત ૨. અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇએમડી) ૩. બીડ વૃદ્ધિની રકમ
1	એમએસએમઈ વલસાડ [illegible]	[illegible]	[illegible]	[illegible]	૧. રૂ. ૬૨,૨૮,૦૦૦/- ૨. રૂ. ૬,૨૨,૮૦૦/- ૩. રૂ. ૨૫,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)

દેવાદાર, જામીનદાર અને ગીરવેદારને વેચાણ અંગેની ૧૫ દિવસની કાયદેસરની નોટિસ. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે https://bankofbaroda.bank.in/e-auction અને https://baanknet.com માં આપેલ લિંક જોવા વિનંતી છે. [illegible]

તારીખ : ૨૮.૦૯.૨૦૨૬
સ્થળ : આરઓએસએઆરબી વલસાડ

નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.

ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા